**થરાદના મહે.એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મું. થરાદ.**

**ક્રિ. કે.નં.૬૩૫/૨૦૨૦**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર
વિરુદધ

**આરોપીઓઃ–** (૧) જલાશા મસરીશા ઉર્ફે જલાલશા માંમદશા મુસલમાન(જુણેજા)
રહે.હાથાવાડા, તા.થરાદ
(૨) મુળાભાઈ મગનલાલ પંડ્યા
રહે.વળાદર, તા.થરાદ, જિ.બ.કાં.

**ગુનોઃ–** પશુ પ્રત્યે ઘાતકી વર્તન અટકાવવા અધિ–૧૯૭૦ ની કલમ–૧૧–ઘ,ચ,છ,ડ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિ–૧૯૫૪ ની કલમ–૫,૮,૯,૧૦ તથા ગુજરાત પશુ સંરક્ષણ(સુધારા) અધિ–૨૦૧૭ની કલમ– ૧૧(૧)(એ),(ડી),(ઈ),(એફ)મુજબ

**<u>ક્રિમીનલ કેસ નં.૬૩૫/૨૦ ના કામે આંક–૧ (ચાર્જશીટ) નીચે હુકમ</u>**
**<u>–//કમીટલ ઠરાવ//–</u>**

(૧) ફરીયાદીની ફરીયાદ આધારે થરાદ પોલીસ સ્ટેશન તરફથી હાલના આરોપીઓ સામે થરાદ પો.સ્ટે.પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૦૨૦૦૪૧૩ /૨૦૨૦, પશુ પ્રત્યે ઘાતકી વર્તન અટકાવવા અધિ–૧૯૭૦ ની કલમ–૧૧–ઘ,ચ,છ,ડ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિ–૧૯૫૪ ની કલમ–૫,૮,૯,૧૦ તથા ગુજરાત પશુ સંરક્ષણ(સુધારા) અધિ–૨૦૧૭નીકલમ–૧૧(૧)(એ),(ડી),(ઈ),(એફ) મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

જે ગુનાની ટુંકમાં હકિકત એવી છે કે, ગઈ તા.૧૨.૦૫.૨૦૨૦ ના રોજ વામી પાટીયા પાસે એક નંબર વગરની રીક્ષાના કેબિનના પાછળના ભાગે એક ગાયની વાછરડુ તથા એક પાડો બંને રીક્ષામાં ઉભા ન રહી શકે તે રીતે ખીચો ખીચ ભરેલ હોઈ અને તૌના મોઢા તથા પગોના ભાગે રસ્સીથી

ક્રુર રીતે બાંધલ હોઈ અને આ બંને પ્રાણીઓને રીક્ષામાં ઘાસચારા તથા પાણીની અંદર કોઈ વ્યવસ્થા ન કરી ગેરકાયદેસર ગૌવંશની હેરાફેરી કરી પશુઓ પ્રત્યે ઘાતકીપણુ આચરી ઉપરોક્ત કલમો મુજબ ગુનો આચરેલ છે.

(૨) સદરહુ કામના આરોપીઓ જામીન ઉપર હોય, સમન્સ કરતા કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ હેઠળ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીઓનું આંક–૧૩ થી આંક–૧૪ સુધી સ્ટેટમેન્ટ નોંધેલ. તેઓ આ કેસમાં પોતાના ખર્ચે વકીલ રોકી બચાવ કરવા માગે છે કે સરકારી ખર્ચે વકીલ જોઈએ છે તે અંગે પુછતાં આરોપીઓએ સ્વ ખર્ચે વકીલ રોકી બચાવ કરવા માગતાં હોવાનું જણાવેલ છે.

(૩) આરોપીઓ વિરૂધ્ધ સદરહું ગુન્હો  પશુ પ્રત્યે ઘાતકી વર્તન અટકાવવા અધિનિયમ ૧૯૭૦ ની કલમ–૧૧ ઘ,ચ,છ,ડ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ની કલમ–૫,૬૮,૯,૧૦ તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમની કલમ–૨૦૧૭ ની કલમ–૧૧(૧)(એ)(ડી)(ઈ)(એફ) અન્વયેનો છે. જે ગુન્હાઓ પૈકી  ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમની કલમ–૨૦૧૭ ની કલમ–૧૧(૧)(એ)(ડી)(ઈ)(એફ) મુજબના ગુન્હાની મહત્તમ સજા આજીવન કેદની પણ ૧૦ વર્ષથી ઓછી નહી તેટલી મુદતની કેદની છે જેથી સી.આર.પી.સી.ના શીડયુલ–ર મુજબ સદરહું ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની અદાલતને ન હોય પરંતુ નામ. સેશન્સ અદાલતને હોય, સદરહું કેસની ટ્રાયલ ચલાવવા નામદાર સેશન્સ અદાલત એટલે કે એડી. સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત, ગોંડલ તરફ મોકલી આપવું ન્યાયોચીત જણાય છે. આ તમામ હકીકતોને ધ્યાને લેતા નીચે મુજબ કમીટલ હુકમ કરવામાં આવે છે.

**–હુકમ–**

(૧) ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૨૦૯ અન્વયે આરોપીઓ પરનો કેસ નામદાર સેશન્સ અદાલત, થરાદ તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કેસનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર સેશન્સ અદાલત,થરાદમાં મોકલી આપવો.

(૩) આ કેસ કમીટ થયા અંગેની જાણ જીલ્લા સરકારી વકીલશ્રીને કરવી.

હુકમ આજ તા.૩૧ મી જુલાઈ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

થરાદ
તા.૩૧/૦૭/૨૦૨૩

(ધવલકુમાર ચંદ્રકાન્ત ગોહિલ)
એડી.ચીફ જ્યુ.મેજી., થરાદ